# ટી.ડી.એસ.બી. અંગ્રેજી ભાષાનાં શીખનારાઓ માટે કઈ–કઈ સેવાઓ પ્રસ્તાવિત કરે છે?

- મર્યાદિત પૂર્વ શાલેય શિક્ષણવાળા બાળકો માટે 36 પ્રારંભિક અને 14 માધ્યમિક શાળાઓમાં લિટરસી એનરિચમેન્ટ ઍકેડેમિક પ્રોગ્રામ (એલ.ઈ.એ.પી.)
- અનુવાદ અને દુભાષિયાકામ સેવાઓ
- માધ્યમિક શાળામાં નવા આવનારા વિદ્યાર્થીઓ માટે શરૂઆતનું મૂલ્યાંકન પૂરું પાડતા ચાર ન્યૂકમર રિસેપ્શન સેન્ટર્સ
- એવા નવા આવનારાઓ કે જેની વિદ્યામૂલક સફળતા કદાચ જોખમાઈ હોય, અથવા તેઓને કદાચ વિશિષ્ટ જરૂરિયાતો હોય તો તેવા માટે પ્રથમ ભાષા (માતૃભાષા) મૂલ્યાંકનો (40 થી વધુ ભાષાઓમાં)
- નવા આવનારા કુટુંબીજનો અને વિદ્યાર્થીઓને સહાય કરવા માટે શાળાઓમાં પ્રાંતીય વસાહત કામદારો સાથે ભાગીદારીઓ





# હું મારા બાળકનાં અભ્યાસને કેવી રીતે ટેકો પૂરો પાડી શકું?

સામેલ થાવ અને તમારા બાળકને સફળ બનાવવા માટે આનાં દ્વારા મદદ કરો:

- શિક્ષક/શાળા/તમારા બાળક સાથે તેઓનાં કાર્ય અને પ્રગતિ બાબતે માહિતી મેળવીને
- મીટ ધ ટીચર નાઈટ્સ અને પૅરન્ટ ટીચર ઈન્ટરવ્યૂઝમાં હાજરી આપીને
- તમારા બાળક અને તેઓનાં શિક્ષકો સાથે રિપોર્ટ કાર્ડ્ઝની ચર્ચા અને સમીક્ષા કરીને
- www.eqao.com સ્થિત ગ્રેડ્સ 3, 6, 9માં પ્રાંતીય પરીક્ષણ (ઈ.ક્યૂ.એ.ઓ.) વિશે જાણકારી મેળવીને
- ધીરજ રાખીને અને ટેકારૂપ બનીને: નવી ભાષા શીખવામાં સમય લાગે છે!
- www.edu.gov.on.ca/abc123/ સ્થિત તમારા બાળકને વાંચન, લેખન અને ગણિતમાં મદદ કરવા માટે 15 ભાષાઓમાં ઉપયોગી માહિતીઓ મેળવીને
- તમારા બાળકને તમારા સ્થાનિક ટૉરૉન્ટો પબ્લિક લાયબ્રેરીની શાખામાં લઈ જઈને

વધુ માહિતી માટે કૃપા કરીને સંપર્ક કરો:

તમારા બાળકનાં શિક્ષકને: ________________સ્થિત
તમારા બાળકની શાળાને: ________________સ્થિત

અથવા અમારી ટી.ડી.એસ.બી.ની કૃપા કરીને મુલાકાત લો:

www.TDSB.on.ca

Gujarati

Toronto District School Board

# ઈ.એસ.એલ./ઈ.એલ.ડી. ટેકો એ શું છે?

મોટાભાગનાં બાળકો જ્યારે તેઓ કૅનેડા મુકામે આવી પહોંચે ત્યારે તેઓ તેમની પ્રથમ ભાષા (માતૃભાષા)માં વાંચી અને લખી શકે છે પરંતુ તેઓ માત્ર મર્યાદિત અંગ્રેજી કૌશલો ધરાવે છે. ઈંગ્લિશ ઍઝ અ સેકન્ડ લૅંગ્વેજ (ઈ.એસ.એલ.) કાર્યક્રમો વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવામાં મદદ કરે છે જેથી કરીને તેઓ પોતાનાં અંગ્રેજી બોલતા સહાધ્યાયીઓ સાથે અભ્યાસક્રમ અને શાળાકીય જીવનમાં સંપૂર્ણ રીતે ભાગ લઈ શકે



જે વિદ્યાર્થીઓ ઈન્ગ્લિશ લિટરસી ડેવલપમેન્ટ (ઈ.એલ.ડી.)નો ટેકો લઈ રહ્યા હોય, તેઓ શાળાઓમાં શાલેય શિક્ષણની મર્યાદિત પૂર્વ પહોંચ સાથે ઑન્ટૅરિઓ મુકામે આવી પહોંચે છે. ઈ.એલ.ડી.નાં કાર્યક્રમો અક્ષરજ્ઞાનનાં કૌશલો વિકસાવવામાં વિદ્યાર્થીઓની મદદ કરે છે. તેઓ વિવિધ વિષયનાં ક્ષેત્રો જેમ કે, ગણિત અને સમાજશાસ્ત્રમાં પણ વિદ્યામૂલક જ્ઞાન પ્રાપ્ત કરે છે.

## પ્રારંભિક વિદ્યાર્થીઓ માટે કયો–કયો ઈ.એસ.એલ./ઈ.એલ.ડી. ટેકો ઉપલબ્ધ છે?

- ઈ.એસ.એલ.નાં વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રોગ્રામ મૉડેલ્સ, ટેકો અને સહાય ઉપલબ્ધ છે
- શાળા પર આધારિત, વિદ્યાર્થીઓની અહીં સુધી પહોંચ રહેશે:
  - > નવા આવનારાઓ માટે વિશેષિત અર્ધ–દિવસીય વર્ગો
  - > ઑન–સાઈટ ઈ.એસ.એલ.નાં શિક્ષકો કે જેઓ વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવામાં ટેકો આપે છે
  - > આઈટિનરન્ટ (પ્રવાસી) ઈ.એસ.એલ.નાં શિક્ષકો કે જેઓ બાળકોને ઘણીબધી શાળાઓમાં ટેકો આપે છે

શું મારે મારા બાળક સાથે પ્રથમ ભાષા (માતૃભાષા) બોલવાનું ચાલુ રાખવું જોઈએ?

**બિલકુલ!** સંશોધન દર્શાવે છે કે જે–જે બાળકો પાસે તેઓની માતૃભાષામાં મજબૂત પાયો હોય તેઓ શાળા સ્થિત અને આપણાં વૈશ્વિક સમાજમાં વધારે મોટી સફળતા પ્રાપ્ત કરે છે



## માધ્યમિક વિદ્યાર્થીઓ માટે કયો–કયો ઈ.એસ.એલ./ઈ.એલ.ડી. ટેકો ઉપલબ્ધ છે?

અંગ્રેજી અને અક્ષરજ્ઞાન વિકાસમાં નિપુણતાનાં સ્તરો મુજબ પાંચ ઈ.એસ.એલ. અને પાંચ ઈ.એલ.ડી. અભ્યાસક્રમો પસંદ કરાયેલાં છે, **નહીં કે ગ્રેડ દ્વારા**

ઈ.એસ.એલ. અને ઈ.એલ.ડી.નાં અભ્યાસક્રમો જાહેર છે (મતલબ કે વિદ્યાર્થીઓ બધા અનુ–માધ્યમિક માર્ગો સુધી ચાલુ રહી શકે છે)

વિદ્યાર્થીઓ તેઓનાં ડિપ્લોમા માટેની ફરજિયાત અંગ્રેજી ક્રેડિટ જરૂરિયાતો માટે ત્રણ ઈ.એસ.એલ. અથવા ઈ.એલ.ડી.નાં અભ્યાસક્રમો સુધી અવેજી રાખી શકે છે

વધારાની ઈ.એસ.એલ./ ઈ.એલ.ડી. ક્રેડિટ્સને તેઓનાં ડિપ્લોમા માટે વૈકલ્પિક ક્રેડિટ્સ તરીકે ગણી શકવા પાત્ર છે

ઈતિહાસ, વિજ્ઞાન, કારકિર્દીનાં અભ્યાસો, નાગરિકશાસ્ત્ર, અને અન્ય ફરજિયાત વિષયોમાં ખાસ રીતે અનુરૂપનક્ષમીય અભ્યાસક્રમો





## ઈ.એસ.એલ./ઈ.એલ.ડી. કાર્યક્રમોનાં લાભો કયા–કયા છે?

- વિદ્યામૂલક સફળતા પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીઓ શાળામાં અંગ્રેજીનો ઉપયોગ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે
- અનેકવિધ પરિસ્થિતિઓમાં અસરકારક રીતે વ્યવહાર કરવા માટે વિદ્યાર્થીઓ બોલાયેલ અને લખાયેલ અંગ્રેજીનો ઉપયોગ કરવાની ક્ષમતા વિકસાવે છે
- વિદ્યાર્થીઓ પોતાનાં ખુદનાં સમુદાયમાં તેમજ કૅનેડામાં સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક જીવનમાં વધુ સારી રીતે ભાગ લઈ શકે છે
- વિદ્યાર્થીઓ પોતાનું ખુદનું, અને અન્ય સંસ્કૃતિઓનું, પૃષ્ઠભૂમિઓનું, અને ભાષાઓ બાબતેનું વધારાયેલ મૂલ્યાંકન પ્રાપ્ત કરે છે

